**કમિશનર શાળાઓની કચેરી**

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેકટર-૧૯, ગાંધીનગર, ગુજરાત રાજ્ય**

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

વિષય:- સંસ્કૃતભારતી, ગુજરાત સંચાલિત સંસ્કૃત પરીક્ષા બાબત

સંદર્ભ: સંસ્કૃતભારતી સંસ્થાનો તા. ૧૩/૦૮/૨૦૨૬ ના પત્ર અન્વયે

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃતભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ 9 થી 12 નાં બાળકોમાં સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"નો પ્રકલ્પ ચાલી રહ્યો છે જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે તારીખ 12/12/2026 ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષાને લગત તમામ માહિતી આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

આમ, આ પરીક્ષામાં સ્વેચ્છાએ વિદ્યાર્થીઓ ભાગ લે તે હેતુ આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

**"નોંધ પર મળેલ સંયુક્ત નિયામકશ્રી(માધ્યમિક)ના આદેશાનુસાર"**

**બિડાણ: પરીક્ષાને લગત માહિતી પુસ્તિકા**

**E-Sign**
નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

Signature Not Verified
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.09.05 16:05:39 IST

File No: COS/SEC/e-file/276/2026/2634/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

## *સંસ્કૃત ગૌરવ પરીક્ષા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ*





















## પરામર્શક મંડળ

**મહામંડલેશ્વર સ્વામી નિત્યાનંદ સરસ્વતીજી**
સંસ્થાપકશ્રી શાંતિ મંદિર, મગોદ, જિલ્લો - વલસાડ

**ડો. મહાદેવ પ્રસાદ મહેતા**
પ્રસિદ્ધ કથાકાર, ગીરસોમનાથ

**શ્રી ગોપાલભાઈ સુતરીયા**
સંસ્થાપકશ્રી, બંસી ગીર ગૌશાળા અને ગો-તીર્થ વિદ્યાપીઠ
શાંતિપુરા, જિલ્લો - અમદાવાદ

**શ્રી મહેશ મહેતા**
પૂર્વ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, કમિશનર શાળાઓની
કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**ડો. ગૌરાંગ વ્યાસ**
નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## સમિતિ

ડૉ. નિકુંજ પટેલ
અધ્યક્ષ

ડૉ. નૈતિક પ્રજાપતિ
સંયોજક (ગુર્જર પ્રાંત)

શ્રી અમિત ગોર
સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાંત)

નોંધ - સમિતિના અન્ય સદસ્યોના નામ 'संस्कृतगौरवपरीक्षा' એપ્લિકેશનમાં વિગતવાર આપેલ છે.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા શા માટે?

બાલ્યકાળથી સંસ્કૃત પરિચય...
સામાન્યજન સંસ્કૃતાભિમુખ થાય.
સામાન્યજનને સંસ્કૃત પ્રત્યે પ્રેમ થાય.
ભવ્ય ભૂતકાળ જાણી શકાય.
આના થકી ભવિષ્ય પ્રતિ ચિંતન...
ભેદભાવ દૂર કરી સાંસ્કૃતિક પુનરુત્થાન...
સંસ્કૃત ફરીથી વ્યવહારભાષા બને.
સંસ્કૃતભાષાથી સમૃદ્ધિનું આગમન...
સંસ્કૃતભાષાની સરળતા તથા મધુરતાનો પરિચય.


## संस्कृतभारती-गुजरात-प्रेरिता


# संस्कृतगौरवपरीक्षा

**પંજીકરણ માટે અંતિમ દિનાંક : ૨૨/૦૯/૨૦૨૬**

**પરીક્ષા દિનાંક : ૧૨/૧૨/૨૦૨૬, શનિવાર**







**संस्कृतगौरवपरीक्षा**
**संस्कृतभारती**
'पाणिनीयम्' 15, कल्याणबाग, बलियाकाकामार्ग
कांकरिया, कर्णावती 380028
94295 29664
Web : samskritabharati.in
Email :sgpariksha@gmail.com
'संस्कृतगौरवपरीक्षा'

WhatsApp ગ્રુપમાં જોડાવવા QR code સ્કેન કરો.

ટેક્નીકલ સહયોગ : AUROMEERA TECHNOMETRIX PVT. LTD.

સંસ્કૃતભારતી ગુજરાત દ્વારા છેલ્લા ૨૨ વર્ષોથી ‘संस्कृतगौरवपरीक्षा’ આયામ ચાલી રહ્યો છે. અનુક્રમે ‘प्रवेशिका’, ‘प्रदीपिका’, ‘प्रमोदिका’ અને ‘प्रवाहिका’ આ ચાર પરીક્ષાઓનું આયોજન પ્રતિવર્ષ થાય છે.

આપને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સમગ્ર સમાજ માટે ખુલ્લા મૂકાયેલ આ આયામને શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ ઉપરાંત અનેક સંસ્કૃતાનુરાગીઓનો સહકાર મળ્યો છે. ‘संस्कृतगौरवपरीक्षा’ નાં પુસ્તકોનું આકર્ષક મુખપૃષ્ઠ, સચિત્ર વ્યાવહારિક સંસ્કૃતશબ્દો, સંસ્કૃત-ગીતો તથા ભાષાશૈલી રોચક હોવાથી લોકભોગ્ય બન્યાં છે.

આજ સુધી ગુજરાતના ૨,૦૦૦ કેન્દ્રો પરથી ૪,૮૩,૩૨૧ વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાનાં માધ્યમથી સંસ્કૃતભાષાનું અધ્યયન કર્યું. હવે જનજન સુધી પહોંચવાનો આપણો સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિમાં સહાયરૂપ થવા માટે આપને નમ્ર વિનંતી.

## આપ આટલું કરી શકો !

- આપ શાળા-કૉલેજમાં અધ્યાપન કરાવતા હોવ તો આપની શાળા-કૉલેજના બધા જ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરી શકો.
- આપ કોઈ સ્વૈચ્છિક સંસ્થા, સંગઠન કે સંસ્કૃત પ્રેમીઓના સંપર્કમાં હોવ તો તેમના સુધી આ પરીક્ષાની માહિતી પહોંચાડી કેન્દ્રો ઊભાં કરવા સહાયક બની સંસ્કૃતિ-પૂજક બની શકો.
- આપ આપની શેરી, સોસાયટી કે સમાજમાં પણ આ કેન્દ્રનું આયોજન કરી શકો.
- આપનો આ પ્રયાસ સોનામાં સુગંધનું કામ કરશે.

## પરીક્ષા પ્રણાલી

ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.

- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

ખ) છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ સામાજિક વ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઈ શકશે.

ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

## પંજીકરણ પહેલાની પ્રક્રિયા

**સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો.**

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓનાં નામ, જન્મ તારીખ, મોબાઈલ નંબર અને કઈ પરીક્ષા આપવાની છે, તેની માહિતી એકત્ર કરી લેવી. પ્રત્યેક વિદ્યાર્થીઓની ફી પણ સંયોજકે મેળવી લેવી. પ્રત્યેક પરીક્ષા દીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, તે નક્કી કરી લેવું.

ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પૂર્ણ નામ, ઈમેઈલ, મોબાઈલ નંબર, કેન્દ્રનું સરનામું, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આટલી બાબતો ફોર્મ ભરતા પહેલા તૈયાર રાખવી.

## પંજીકરણ પ્રક્રિયા

સૌ પ્રથમ Google Playstore માં જઈને ‘संस्कृतगौरवपरीक्षा’ એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરવું, ત્યારબાદ Register as institute પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સુચનાઓ વાંચી સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. વિગતો અંગ્રેજીમાં સંપૂર્ણ ભરાઈ ગયા બાદ Register and Pay fee પર ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઈ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઈ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmationનો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓની યાદી માટેની એક્સેલ ફાઈલ ડાઉનલોડ કરી બધી વિગતો હિન્દીમાં ભરી તૈયાર રાખવી, ત્યારબાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

એપ્લીકેશન ડાઉનલોડ કરવા QR Code સ્કેન કરો

નોંધ : રજીસ્ટ્રેશનની પુષ્ટિ થયા બાદ વિદ્યાર્થીઓના નામની યાદી વાળી Excel ફાઈલ પાંચ દિવસમાં અપલોડ કરવાની રહેશે અન્યથા આપની સંસ્થાને પ્રશ્નપત્રો મોકલવામાં આવશે નહીં.

## સંસ્થા માટે પરીક્ષા શુલ્ક

ક) (૧) प्रवेशिका રૂ. ૬૦ (૨) प्रदीपिका રૂ. ૬૦
(૩) प्रमोदिका રૂ. ૬૦ (૪) प्रवाहिका રૂ. ૬૦

ખ) આ શુલ્ક પુસ્તક, પ્રમાણપત્ર અને પરીક્ષા શુલ્ક સાથેનું છે.

ખ) દરેક કેન્દ્ર સંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ.૧૦/- આપવામાં આવે છે. (આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

## પરીક્ષા

- ચારેય પરીક્ષાઓ O.M.R. પદ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે, દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

## પરિણામ અને પ્રમાણપત્ર

ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે.
જેમ કે...

| | | | |
|---|---|---|---|
| તૃતીય શ્રેણી | : ૪૦ થી ૫૪ | પ્રથમ શ્રેણી | : ૭૦ થી ૮૪ |
| દ્વિતીય શ્રેણી | : ૫૫ થી ૬૯ | વિશેષયોગ્યતા | : ૮૫ થી ૧૦૦ |

ખ) પરીક્ષા પૂરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.

(પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

## પરીક્ષા સમયસારિણી

દિનાંક - ૧૨/૧૨/૨૦૨૬, શનિવાર

ક) प्रवेशिका, प्रमोदिका ૧૧:૩૦ થી ૧૨:૩૦
ખ) प्रदीपिका, प्रवाहिका ૦૧:૦૦ થી ૦૨:૦૦

## સંપર્કસૂત્ર


સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦

૯૪૨૯૫૨૯૬૬૪ Email : sgpariksha@gmail.com

: संस्कृतगौरवपरीक्षा

અધ્યક્ષ
ડૉ. નિકુંજ પટેલ
મો.: ૯૮૯૮૪૭૦૦૭૦

સંયોજક (ગુર્જર પ્રાંત)
ડૉ. નૈતિક પ્રજાપતિ
મો.: ૯૬૨૪૨૫૪૨૨૩

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાંત)
શ્રી અમિત ગોર
મો.: ૯૬૩૮૮૩૧૫૧૮